# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૫/ક્વા-૨/૧૯-૨૦/૨૨–૪** તા.૦૨–૦૧–૨૦૨૦

૨૦03 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૬૫/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: હીરા રાજા ચુડાસમા ગામ: **ચોરવાડ**
રજૂઆત કરનાર: **અરજદાર હીરા રાજા ચુડાસમા અને તેમની સાથે રવીન્દ્રભાઈ રામજીભાઈ ચુડાસમા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **માંગરોળ**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **કે.ડી.નીનામા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **માંગરોળ**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૨૪-૧૨-૨૦૧૯ ( મંગળવાર )

૧.0 સદર કેસની સુનાવણી તા. ૨૪-૧૨-૨૦૧૯ ( મંગળવાર ) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.0 અરજદાર હીરા રાજા ચુડાસમા ગામ -ચોરવાડ, તેઓની અરજીના નોંધણી નં: ૬૫/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, ચોરવાડ ગામના ખેતીવાડી સર્વે નંબરઃ ૭૨૧ પૈકી ૧ માં વીજજોડાણ મેળવવા માટે – પેટા વિભાગીય કચેરી ચોરવાડમાં તા.૧૮–૦૧–૧૬ થી નિયત રૂ.૨૦૦/– ભરપાઈ કરીને નોંધણી કરાવેલ છે. પરંતુ તેઓની સાથેના અરજદારોને વીજજોડાણ મેળવવા માટે ભાવપત્રક મળી ગયેલ હોય – પરંતુ – અરજદારને ભાવપત્રક ન મળતા – તા.૧૬–૦૮–૧૯ અને તા.૦૯–૦૯–૧૯ થી અરજી કરેલ છે, જે અન્વયે કોઈ કાર્યવાહી ન થતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી હીરાભાઈ રાજાભાઈ ચુડાસમા ગામ-

તા.માળિયા હાટીનાના ચોરવાડ ખાતેના સર્વે નં. : ૭૨૧ પૈકી ૧ માં પેટા વીભાગીય કચેરી ચોરવાડ મુકામે ૫ હો.પા. એસ.પી.એ. યોજના હેઠળના નવા ખેતીવાડી વિજ જોડાણ અંગેની અરજી નું રજિસ્ટ્રેશન તારીખ : ૧૮.૦૧.૨૦૧૬ રસીદ નંબર XZ ૭૩૭૦૫૪ થી અને એસ.આર.નં.: ૭૬૫૯૧૭૫ તા ૧૫.૦૧.૨૦૧૬ થી કરાયેલ છે. જે અનુસંધાને અંદાજપત્ર તા.: ૧૧.૦૨.૨૦૧૯ થી અરજી માં દર્શાવેલ પત્ર વ્યવહાર ના સરનામે આપવામાં આવેલ છે. વધુ માં અરજદાર શ્રી ને તા . ૦૯.૦૩.૨૦૧૯ ના રોજ અંદાજ પત્ર ભરપાઈ કરવા અર્થે તેમના દ્વારા આપવામાં આવેલ મો. નં. ૯૭૭૯૨ ૬૪૪૦૨ માં ૧૧:૩૬ કલાકે ફોન કરતા તેમનો ફોન બંધ આવેલ. આ અંદાજપત્ર અરજદારશ્રી દ્વારા ભરપાઈ કરવામાં આવેલ નથી.

૩.૧ ઉપરોક્ત બાબતે અરજદારશ્રી ને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પત્ર નં. ૬૧૭૪ તા.૨૩.૧૨.૨૦૧૯ થી ભાવ પત્રક ની સમય મર્યાદા વધારવા માટેની લેખીત માં જાણ કરવા અર્થે જણાવેલ છે. જેની અરજી આવ્યે મુદત વધારવા અર્થે કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ આગળ ની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારે ચોરવાડ ગામના ખેતીવાડી સર્વે નંબરઃ ૭૨૧ પૈકી ૧ માં વીજજોડાણ મેળવવા માટે – પેટા વિભાગીય કચેરી ચોરવાડમાં તા.૧૮–૦૧–૧૬ થી નિયત રૂ.૨૦૦/– ભરપાઈ કરીને નોંધણી કરાવેલ છે. પરંતુ અરજદારને ભાવપત્રક મળેલ ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૪.૨ ઉપરોકત બાબતે મુદદા નં. ૩.૦ અને ૩.૧ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી અન્વયે – તા.૧૧–૦૨–૧૯ ના રોજ અરજદારને નિયમાધીન ભાવપત્રક પાઠવામા આવેલ છે, તેમ જણાવેલ છે – પરંતુ સદર ભાવપત્રક અરજદારને ખરેખર મળેલ હોય – તે બાબતે ના આધાર–પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. તેમજ ફોરમ કમિટી સમક્ષ સ્વીકારેલ છે કે આવો કોઈ આધાર–પુરાવો ઓફિસ રેકર્ડમાં ઉપલબ્ધ નથી. આમ, કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ – અરજદારને સદર જોડાણ મેળવવા માટે એક તક આપવી જરૂરી હોય – જેથી અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા અરજદારને ફરીથી નિયમાધીન ભાવપત્રક પાઠવવાનુ રહેશે.

૪.૩ ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામુંઃ વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯